પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૭ અંક : ૨૯૨ કુલ પાના : ૪ તારીખ : ૦૩-૦૮-૨૦૨૪ શનિવાર કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## ભારે વરસાદને કારણે જનજીવન અસ્તવ્યસ્ત, કેરળ, હિમાચલ અને ઉત્તરાખંડમાં ભારે વરસાદના પગલે ભૂસ્ખલનની ઘટનાઓ





નવીદિલ્હી

દેશના અનેક રાજ્યોમાં ભારે વરસાદને કારણે જનજીવન અસ્તવ્યસ્ત છે. કેરળ, હિમાચલ અને ઉત્તરાખંડમાં ભારે વરસાદના પગલે ભૂસ્ખલનની ઘટનાઓ બની છે. જેના કારણે જાનમાલનું મોટું નુકસાન થયું છે. હિમાચલની જેમ ઉત્તરાખંડમાં પણ સ્થિતિ ગંભીર છે. ટિહરી અને કેદારનાથના ભીમબલીમાં વાદળ ફાટવાના કારણે ભારે તબાહી મચી છે.

હિમાચલમાં વાદળ ફાટવાથી મંડી, શિમલા, કુલ્લુમાં ભારે તારાજી સર્જાઈ છે. આ જિલ્લાઓમાં અનેક મકાનો, શાળાઓ, હોસ્પિટલોને નુકસાન થયું છે. આ ઉપરાંત શિમલાના રામપુરના ઝાકરીમાં વાદળ ફાટ્યા પછી પૂરની સ્થિતિ સર્જાઈ હતી. જેના કારણે ૨૨ લોકો ગુમ થયા છે. આ ઉપરાંત મંડીના રાજવાન ગામમાં વાદળ ફાટવાથી પૂર આવ્યું હતું. આ ત્રણેય જિલ્લામાં રાહત અને બચાવ કાર્ય ચાલી રહ્યું છે.

હવામાન વિભાગની આગાહી અનુસાર, હિમાચલ માટે હજુ ત્રણ વધુ ભારે દિવસો છે. રાજ્યમાં ઘણી જગ્યાએ ભારે વરસાદનું ઓરેન્જ એલર્ટ જારી કરવામાં આવ્યું છે. જેમાં કાંગડા, કુલ્લુ, મંડી, શિમલા, ચંબા અને સિરમૌરમાં ભારેથી અતિભારે વરસદા પડી શકે છે. હવામાન વિભાગે આગામી ત્રણ દિવસમાં ભારે વરસાદને કારણે ભૂસ્ખલન અને કાચા મકાનોને નુકસાન થવાની આશંકા વ્યક્ત કરી છે.

હિમાચલ પ્રદેશમાં બુધવારે મધ્યરાત્રિએ છ જગ્યાએ વાદળ ફાટવાથી ભારે વિનાશ થયો હતો. આ પ્રલયમાં અત્યાર સુધીમાં સાત લોકોના મોત થયા છે, જેમના મૃતદેહ મળી આવ્યા છે, જ્યારે ૪૬ લોકો ગુમ છે. સમેજમાં ૩૬, મંડીના બાગીપુલ અને રાજબનમાં પાંચ-પાંચ લોકો ગુમ છે. શુક્રવારે ચૌહર ઘાટીના રાજબનમાં સર્ચ ઓપરેશન દરમિયાન વધુ બે મૃતદેહ મળી આવ્યા હતા. અત્યાર સુધીમાં કુલ પાંચ મૃતદેહો મળી આવ્યા છે. પાંચ હજુ પણ ગુમ છે. નોંધનીય છે કે બુધવારે રાત્રે કુલ્લુ જિલ્લાના નૈન સરોવર, ભીમદ્વારી, મલાના, મંડીમાં રાજબન, ચંબાના રાજનગર અને લાહૌલમાં જહાલમામાં વાદળ ફાટ્યા હતા. વાદળ ફાટવાના કારણે ૪૭ મકાનો, ૧૦ દુકાનો, ૧૭ પુલ, ત્રણ શાળા, એક દવાખાનું, એક બસ સ્ટેન્ડ, ૩૦ વાહનો, બે પાવર પ્રોજેક્ટ અને એક ડેમ ધોવાઈ ગયા હતા. બીજી તરફ શ્રીખંડ મહાદેવ માર્ગ પર ભીમદ્વારીમાં લગભગ ૨૫૦ લોકો ફસાયેલા છે. આ લોકો પ્રવાસે નીકળ્યા હતા.રાજ્યના મુખ્ય પ્રધાન સુખવિંદર સિંહ સુખુ શુક્રવારે બપોરે શિક્ષણ પ્રધાન રોહિત ઠાકુર અને રામપુરના ધારાસભ્ય રામપુર નંદ લાલ સાથે સમેજ પહોંચ્યા હતા. આ દરમિયાન મુખ્યમંત્રીએ વાદળ ફાટવાને કારણે થયેલા નુકસાનની સમીક્ષા કરી હતી. તેમજ સ્થળ પર ચાલી રહેલા રાહત અને બચાવ કાર્યનું નિરીક્ષણ કર્યું હતું. આ દરમિયાન ડીસી શિમલા અનુપમ કશ્યપ, ડીસી કુલ્લુ તોરુલ એસ રવીશ, એસપી શિમલા સંજીવ ગાંધી, એનડીઆરએફના અધિકારીઓ પણ હાજર હતા.કુલ્લુ જિલ્લાના નિર્મંડમાં નૈન સરોવર અને ભીમદ્વારીમાં એક સાથે વાદળ ફાટ્યું હતું. તેનું પાણી બાગીપુલ, સમેજ અને ગણવી તરફ આવ્યું અને ૩૦ કિમી સુધી ડાઉનસ્ટ્રીમ સુધી તબાહી મચાવી. શિમલા-કુલુ બોર્ડર પર સમેજમાં કોતરમાં આવેલા પૂરમાં ૩૦ ઘરો ધોવાઈ ગયા છે. અહીં છ બાળકો સહિત ૩૬ લોકો ગુમ છે. તેમાં ચાર સ્થળાંતર કરનારા, ગ્રીનકો સમાજ પ્રોજેક્ટના સાત કર્મચારીઓ અને ૨૨ સ્થાનિક લોકોનો સમાવેશ થાય છે. પૂરમાં ૧૫૦ પશુઓ પણ વહી ગયા હતા. એક શાળા, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને બે પાવર પ્રોજેક્ટનો નાશ થયો હતો. બીજી તરફ નિર્મંડના બાગીપુલમાં પૂરના કારણે ૧૦ દુકાનો, જીયાલાલનું રહેણાંક મકાન જેમાં હોટલ ચાલતી હતી, બે પટવારઘર, પાર્કના ૧૫ વાહનો, બસ સ્ટેન્ડ અને ૮ પુલ ધોવાઈ ગયા હતા. જિયાલાલના પરિવારના પાંચ સભ્યો અને નેપાળ મૂળના બે વ્યક્તિઓ ગુમ છે. સાતમાંથી બેના મૃતદેહ મળી આવ્યા છે. તે જ સમયે, રામપુરના ગણવી ખાડમાં પૂરમાં પાંચ મકાનો, ત્રણ વાહનો અને એક પુલ ધોવાઈ ગયા હતા.વરસાદની એક રાતે આ ચોમાસાએ ગયા વર્ષની આફતના દ્રશ્યને તાજું કરી દીધું. રાજ્યમાં સાત કલાકમાં સામાન્ય કરતાં ૩૦૫ મીમી વધુ વરસાદ નોંધાયો છે. હવામાન કેન્દ્ર શિમલાએ ખરાબ હવામાનને જોતા મંગળવાર રાતથી રેડ એલર્ટ જાહેર કર્યું હતું. ભારે વરસાદને કારણે કુલ્લુ-મનાલી નેશનલ હાઈવે બંધ. આ સિવાય ભરમૌર-પઠાણકોટ દ્રઉૅ સ્થગિત રહ્યું જ્યારે મંડી-ચંદીગઢ દ્રઉૅ ૧૦ કલાક સુધી ખોરવાઈ ગયું. રાજ્યમાં કુલ ૪૫૫ રસ્તાઓ બંધ છે. ૪૯૫ બસ રૂટ રોકી દેવામાં આવ્યા છે. ૯૮૩ પીવાના પાણીની યોજના, ૧૭૮ ટ્રાન્સફોર્મર બંધ છે. બિયાસનું જળસ્તર વધતાં પંડોળ ડેમમાંથી પાણી છોડવું પડ્યું હતું. વિવિધ વિભાગોને ૨૧૫ કરોડનું નુકસાન થયું છે.

મુખ્યમંત્રીએ કહ્યું કે સરકાર આજથી વરસાદના અંત સુધી ત્રણ મહિના માટે આપત્તિગ્રસ્ત લોકોને ઘર ભાડા તરીકે ૫,૦૦૦ રૂપિયા આપશે. ઉપરાંત ગેસ સિલિન્ડર પણ ઉપલબ્ધ કરાવવામાં આવી રહ્યા છે. આ ઉપરાંત અસરગ્રસ્ત લોકોને ઘરવપરાશની ચીજવસ્તુઓ ખરીદવા માટે ૫૦ હજાર રૂપિયા આપવામાં આવી રહ્યા છે. સીએમએ કહ્યું કે જો કે આ મદદ પીડિત લોકોના પરિવારોને પાછા નહીં લાવે, પરંતુ તે તેમના ઘાને મટાડવાનો પ્રયાસ છે. ટૂંક સમયમાં સરકાર આ પરિવારોને વસાવવા માટે રાહત પેકેજ આપશે. દરેક પરિવાર આપણું છે, તેને વસાવવાની ફરજ છે. બાળકોના શિક્ષણની જવાબદારી પણ સરકાર લેશે.

ઉત્તરાખંડના ટિહરી જિલ્લાના ઘનસાલીમાં વાદળ ફાટવાના કારણે બે લોકોના મોત થયા છે. જ્યારા કેદારનાથ પદયાત્રાના માર્ગ પર ભીમબલીના ગડેરામાં વાદળ ફાટ્યું હતું, જેના કારણે માર્ગમાં કાદવ-કીચડ જમા થઈ ગયો છે. જેના કારણે વાહનવ્યવહાર બંધ કરી દેવામાં આવ્યો છે. ભીમબલીમાં ફસાયેલા ૨૦૦થી વધુ શ્રદ્ધાળુઓને સલામત સ્થળે રોક્યા હતા. ઉત્તરાખંડમાં ઘણી નદીઓમાં ઘોડાપૂર આવ્યું છે. રાજ્યભરમાં છેલ્લા ૨૪ કલાકમાં વરસાદ સંબંધિત અકસ્માતોમાં ૧૧ લોકોના મોત થયા છે. હવામાન વિભાગે અનુસાર, ઉત્તરાખંડના છ જિલ્લામાં ભારે વરસાદનું એલર્ટ આપવામાં આવ્યું છે. ઉત્તરકાશી માટે ઓરેન્જ એલર્ટ અને અન્ય પાંચ રાજ્યો માટે યલો એલર્ટ જાહેર કર્યું છે. ચમોલી, રૂદ્રપ્રયાગ, દેહરાદૂન, બાગેશ્વર અને નૈનીતાલમાં ગાજવીજ સાથે ભારે વરસાદ થઈ શકે છે.

## ઔરંગાબાદનું નામ બદલીને છત્રપતિ સંભાજી નગર અને ઉસ્માનાબાદનું નામ ધારાશિવ કરવાનો નિર્ણય

મુંબઈ

છત્રપતિ સંભાજી નગર અને ઉસ્માનાબાદનું નામ બદલીને ધારાશિવ કરવા સામે સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરવામાં આવી હતી. દેશની સર્વોચ્ચ અદાલતે આ અરજી ફગાવી દીધી હતી.હકીકતમાં, અરજદારોએ અગાઉ બોમ્બે હાઈકોર્ટનો સંપર્ક કર્યો હતો,જેણે રાજ્ય સરકારના નિર્ણયમાં કોઈ કાનૂની પડકાર જોયો ન હતો અને તેને સમર્થન આપ્યું હતું. આ પછી અરજદારો હાઈકોર્ટના નિર્ણય સામે સુપ્રીમ કોર્ટ પહોંચ્યા હતા. તેમને આશા છે કે સુપ્રીમ કોર્ટનો નિર્ણય તેમની તરફેણમાં આવશે. જો કે, આવું ન થયું અને કોર્ટે અરજી ફગાવી દીધી અને મહારાષ્ટ્ર સરકારના નિર્ણયને લીલી ઝંડી આપી દીધી.સુપ્રીમ કોર્ટે કહ્યું કે નામ બદલવું એ સરકારનો અધિકાર છે. તેને ન્યાયિક સમીક્ષાની જરૂર નથી. તમારી વાત સાંભળ્યા બાદ જ હાઈકોર્ટે વિગતવાર આદેશ આપ્યો છે. અમે તેમાં દખલ નહીં કરીએ. અગાઉ ૮ મેના રોજ હાઈકોર્ટે ઔરંગાબાદનું નામ બદલીને છત્રપતિ સંભાજી નગર અને ઉસ્માનાબાદનું નામ બદલીને ધારાશિવ કરવાના રાજ્ય સરકારના નિર્ણયને માન્ય રાખ્યો હતો. કોર્ટે કહ્યું હતું કે આ નિર્ણય કાયદાકીય રીતે સાચો છે. હવે સુપ્રીમ કોર્ટે પણ તેને મંજૂરી આપી દીધી છે.વાસ્તવમાં, ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળની મહાવિકાસ આઘાડી સરકારે ૨૯ જૂન, ૨૦૨૧ના રોજ કેબિનેટની બેઠકમાં ઔરંગાબાદ અને ઉસ્માનાબાદ બંને શહેરોના નામ બદલવાનો નિર્ણય કર્યો હતો. ઔરંગાબાદ શહેર અને મહેસૂલ વિભાગનું નામ બદલીને છત્રપતિ સંભાજીનગર કરવામાં આવ્યું હતું, જ્યારે ઉસ્માનાબાદનું નામ ધારાશિવ રાખવામાં આવ્યું હતું. પછી ૧૬ જુલાઈ, ૨૦૨૨ ના રોજ, મુખ્યમંત્રી એકનાથ શિંદેની આગેવાની હેઠળની આગામી સરકારે એમવીએ સરકારના નિર્ણયને જાળવી રાખ્યોઆ પછી સરકારના નિર્ણય સામે હાઈકોર્ટમાં પિટિશન દાખલ કરવામાં આવી હતી. એવું કહેવાય છે કે સરકારે ૨૦૦૧માં જ ઔરંગાબાદનું નામ બદલવાનો નિર્ણય પાછો ખેંચી લીધો હતો. ઉદ્ધવ સરકારે પોતાના રાજકીય ફાયદા માટે નામ બદલી નાખ્યું હતું. અરજદારોએ દાવો કર્યો હતો કે આ નિર્ણય બંધારણની જોગવાઈઓની સંપૂર્ણ અવગણના છે. એવું કહેવામાં આવ્યું હતું કે આ નિર્ણય બે ધાર્મિક જૂથો વચ્ચે તિરાડ પેદા કરી શકે છે અને આ રીતે આ નિર્ણય ભારતના બિનસાંપ્રદાયિક બંધારણની સંપૂર્ણપણે વિરુદ્ધ છે.




## ભૂકંપના આંચકાથી હચમચ્યું હિમાચલ, આભ ફાટ્યા બાદ વધુ એક આફત



શિમલા

હિમાચલ પ્રદેશમાં વધુ એક આફત આવી છે. આભ ફાટ્યાની ઘટના બાદ ભૂસ્ખલન થયું હતું. જેના બાદ હવે આજે વહેલી સવારે ભૂકંપના આંચકાથી લોકોમાં ફફડાટ ફેલાયો છે. માહિતી અનુસાર લાહોલ સ્પીતિમાં ધરતીકંપ આવતા પહેલાથી જ તકલીફ સહન કરી રહેલા લોકો વધુ ડરી ગયા હતા. આ વખતે ભૂકંપની તીવ્રતા ૩.૨ મપાઈ હતી.

રાષ્ટ્રીય ભૂકંપ વિજ્ઞાન કેન્દ્રના જણાવ્યાનુસાર આ ભૂકંપ ૫ કિલોમીટર ઊંડે મપાયું હતું.જોકે અહેવાલ લખવા સુધીમાં કોઈ પણ પ્રકારની જાનહાનિના અહેવાલ સામે આવ્યા નથી. ઉલ્લેખનીય છેકે હિમાચલ પ્રદેશમાં વાદળ ફાટવાને કારણે ૭ લોકોના મોત થયા હતા. જ્યારે આ દુર્ઘટનામાં અત્યાર સુધીમાં ૫૦ લોકો ગુમ થયા છે.

વાદળ ફાટ્યા પછી, ભૂસ્ખલનને કારણે ઘણા રસ્તાઓ બંધ થઈ ગયા છે, જેના કારણે બચાવ ટીમ માટે ઘટનાસ્થળે પહોંચવું એક મોટો પડકાર છે. ભારે વરસાદ, વાદળ ફાટવા અને ભૂસ્ખલન જેવી કુદરતી આફતોનો સામનો કરી રહેલા હિમાચલ પ્રદેશમાં હવે ભૂકંપના આંચકો આવતા લોકોમાં ફફડાટ ફેલાઈ ગયો છે.

## પતિ બેકાર હોવાથી પત્નીએ ઘર ચલાવવા ડ્રગ્સ વેચવાનું શરૂ કર્યું,બેની ધરપકડ

અમદાવાદ,

અમદાવાદમાંથી ફરી એક વાર ડ્રગ્સ ઝડપાયું છે. ઈસનપુર વિસ્તારમાંથી એસઓજીએ લાખો રૂપિયાની કિંમતના એમડી ડ્રગ્સ સાથે મહિલા સહિત બે લોકોની ધરપકડ કરી છે. પતિ કોઈ કામ ધંધો કરતો ન હોય ઘર ચલાવવા માટે પત્ની ડ્રગ્સના કારોબાર સાથે જોડાયા હોવાનું ખૂલ્યું છે. મહિલાને ડ્રગ્સનો જથ્થો પૂરો પાડવામાં અન્ય એક મહિલાનું જ નામ સામે આવ્યું છે. અમદાવાદ શહેર એસઓજીની ગિરફતમાં દેખાતા આ બંને આરોપીઓના નામ શાહીનબાનુ સૈયદ અને આમિર ખાન પઠાણ છે. આ બંને આરોપીઓની ડ્રગ્સ સાથે ધરપકડ કરવામાં આવી છે.

એસઓજી ની ટીમને મળેલી બાતમી ના આધારે ઈસનપુરમાં આવેલા અમજા ફ્લેટમાંથી આ બંને આરોપીઓને ડ્રગ્સ ના જથ્થા સાથે પકડવામાં આવ્યા છે. એસઓજી એ દરોડા કરતા ઘરમા તપાસ કરતા ૬.૪૭ લાખથી વધુની કિંમતનો ૬૪ ગ્રામ ૭૯૦ મીલી ગ્રામ એમ.ડી ડ્રગ્સ મળી આવ્યું હતું. જેથી આ મામલે એસઓજીએ એનડીપીએસનો ગુનો દાખલ કરી બંનેની ધરપકડ કરી તપાસ શરૂ કરી છે.એસઓજી દ્વારા પકડાયેલા આરોપીઓની પૂછપરછ કરતાં સામે આવ્યું કે પકડાયેલી મહિલા શાહીનબાનુ સૈયદ નો પતિ કોઈ કામ ધંધો કરતો ન હોય બેકાર હોવાથી અને તેને ઘર ચલાવવા માટે પૈસાની જરૂર હોવાથી ડ્રગ્સ વેચવાનું શરૂ કર્યું હતું. એક વર્ષ પહેલા તેની મુલાકાત રામોલમાં રહેતી સીરીનબાનુ શેખ થઈ હતી. તેણે આ આરોપીને ટુકડે ટુકડે ડ્રગ્સ આપવાનું શરૂ કર્યું હતું. શાહીનબાનુ સૈયદ પોતાના ઘરમાંથી જ ડ્રગ્સનું વેચાણ કરતી હતી અને જે ગ્રાહકોને ડિલિવરી જોઈતી હોય તેઓને પકડાયેલા અન્ય આરોપી આમીરખાન પઠાણ મારફતે ડ્રગ્સ પહોંચાદવતી હતી. આમિર ખાન પઠાણ પોતે પણ ડ્રગ્સની બંધાણી હતો એક ડિલિવરી પર ૨૦૦- ૩૦૦ રૂપિયા લઈને ડ્રગ્સની ડીલીવરી કરતો હતો.આ મામલે ઝડપાયેલી મહિલા છેલ્લા એક વર્ષથી ડ્રગ્સનું વેચાણ કરતી હોવાનું સામે આવ્યું છે. આ ગુનામાં ફરાર સિરીનબાનુ શેખ જ્યારે જરૂર પડે ત્યારે એકટીવા પર આવીને આ મહિલાને ડ્રગ્સ આપી જતી હતી. આવી રીતે અત્યાર સુધીમાં સાતથી આઠ વખત પકડાયેલા આરોપીએ ડ્રગ્સની ડિલિવરી મેળવી અને વેચાણ કર્યું છે.એસઆોજીએ વધુ તપાસ કરતા સામે આવ્યું કે ફરાર સીરિનબાનુ શેખનો પતિ અકબર ખાન અગાઉ એસઓજીના હાથે જ ડ્રગ્સના કેસમાં જ ઝડપાયો હતો અને તે છેલ્લા ઘણા મહિનાઓથી જેલમાં બંધ છે. તેવામાં આ ગુનામાં ફરાર મહિલાની શોધખોળ હાથ ધરવામાં આવી છે.

## કચ્છમાં જૂન-જુલાઈમાં ૧૭ ઈંચ: સૌથી વધુ મુન્દ્રા તાલુકામાં ૩૦ ઈંચ



ભુજ

કચ્છમાં વરસાદ વરસવાનો આંક વર્ષોથી અનિયમિત રહ્યો છે. જોકે ગત વર્ષ ૭૬૪ મી.મી.ની સામે હજુ ચોમાસાના મધ્યાહ્નની સ્થિતિ જોઈએ તો ગત વર્ષ ૨૦૨૩ ની તુલનાએ અડધો ૪૧૬ મી.મી. વરસી જતાં સરેરાશ જળવાઈ રહેશે તેવું મનાઈ રહ્યું છે. ચાલુ વર્ષે કચ્છ જિલ્લામાં સૌથી વધુ મુન્દ્રા તાલુકામાં ૭૫૫ મિ.મી (૩૦ ઈંચ) જ્યારે સૌથી ઓછો વરસાદ ભચાઉ તાલુકામાં ૧૯૭ મિ.મી (આઠ ઈંચ) નોંધાવા પામ્યો છે. ગત વર્ષે બિપરજોય વાવાઝોડાની અસર હેઠળ જુન માસમાં જ ૧૦૦ ટકા વરસાદ વરસી ગયો હતો. જ્યારે આ વર્ષે વરસાદે સમયસર હાજરી પુરાવી છે પરંતુ હજુ ચારથી પાંચ તાલુકામાં અપૂરતો વરસાદ પડયો છે.

ચાલુ વર્ષે અત્યાર સુધીમાં તાલુકાવાર સૌથી વધુ વરસાદ મુંદરામાં ૭૫૫ મી.મી. (૩૦ ઈંચ), માંડવીમાં ૬૩૪ (૨૫.૬૦ ઈંચ), નખત્રાણામાં ૪૯૫ (૨૦ ઈંચ), અંજારમાં ૪૮૩ (૧૯.૬૦) ઈંચ ગાંધીધામ ૪૦૨ મી.મી. (૧૬ ઈંચ), અબડાસા ૩૯૬ (૧૬ ઈંચ), ભુજ ૩૧૭ (૧૩ ઈંચ), લખપત ૨૪૭ (૧૦ ઈંચ), રાપર ૨૩૪ (૯.૬ ઈંચ) અને સૌથી ઓછો ૧૯૭ મી.મી. (૮ ઈંચ) ભચાઉમાં નોંધાયો છે.

ગત છ વર્ષના વરસાદની સરેરાશ પર નજર કરીએ તો ૨૦૨૨માં ૮૪૯ મી.મી. તો ૨૦૨૧માં ઘટીને ૫૧૧ મી.મી. પડયો હતો. તેની પૂર્વે ૨૦૨૦માં ભારે વરસાદ પડતાં સરેરાશ બમણાથી વધુ ૧૧૬૨ મી.મી. એ પહોંચી ગઈ હતી. ૨૦૧૯માં ૭૪૬ મી.મી. અને તે પૂર્વે ૨૦૧૮માં ખૂબ જ ઓછો માત્ર ૧૧૧ મી.મી. જ સરેરાશ નોંધાયો હતો. ગત જુનમાં ૧૦૬.૬ મી.મી. તોજુલાઈમાં ૩૦૯.૪ મી.મી. સાથે પહેલી ઓગષ્ટના બપોર સુધી ૪૧૬ મી.મી. નોંધાયો છે.

## પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી કૃષિ અર્થશાસ્ત્રીઓની ૩૨મી આંતરરાષ્ટ્રીય પરિષદનું ઉદ્ઘાટન કરશે



નવીદિલ્હી

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ૩ ઓગસ્ટ ૨૦૨૪ના રોજ સવારે ૯.૩૦ કલાકે રાષ્ટ્રીય કૃષિ વિજ્ઞાન કેન્દ્ર સંકુલ, નવી દિલ્હી ખાતે કૃષિ અર્થશાસ્ત્રીઓની ૩૨મી આંતરરાષ્ટ્રીય પરિષદનું ઉદ્ઘાટન કરશે. આ પ્રસંગે પ્રધાનમંત્રી જનસભાને સંબોધિત પણ કરશે. ઈન્ટરનેશનલ એસોસિએશન ઓફ એગ્રીકલ્ચરલ ઈકોનોમિસ્ટ દ્વારા આયોજિત ત્રિવાર્ષિક કોન્ફરન્સ ૦૨થી ૦૭ ઓગસ્ટ ૨૦૨૪ દરમિયાન યોજાશે.આ વર્ષની કોન્ફરન્સની થીમ છે, ‘‘સસ્ટેનેબલ એગ્રી-ફૂડ સિસ્ટમ્સ તરફ પરિવર્તન.’’ તેનો ઉદ્દેશ્ય વૈશ્વિક પડકારો જેમ કે જળવાયુ પરિવર્તન, પ્રાકૃતિક સંસાધનોના અધોગતિ, વધતા ઉત્પાદન ખર્ચ અને સંઘર્ષ જેવા વૈશ્વિક પડકારોને ધ્યાનમાં રાખીને ટકાઉ કૃષિની જરૂરિયાતને પહોંચી વળવાનો છે. આ પરિષદ વૈશ્વિક કૃષિ પડકારો માટે ભારતના સક્રિય અભિગમને પ્રકાશિત કરશે અને કૃષિ સંશોધન અને નીતિમાં દેશની પ્રગતિનું પ્રદર્શન કરશે.આઈસીએઈ ૨૦૨૪ યુવા સંશોધકો અને અગ્રણી વ્યાવસાયિકો માટે તેમના કાર્ય અને નેટવર્કને વૈશ્વિક સાથીદારો સાથે રજૂ કરવા માટે એક પ્લેટફોર્મ તરીકે સેવા આપશે. તેનો હેતુ સંશોધન સંસ્થાઓ અને યુનિવર્સિટીઓ વચ્ચેની ભાગીદારીને મજબૂત કરવાનો, રાષ્ટ્રીય અને વૈશ્વિક સ્તરે નીતિનિર્માણને પ્રભાવિત કરવાનો અને ડિજિટલ કૃષિ અને ટકાઉ કૃષિ-ખાદ્ય પ્રણાલીઓમાં પ્રગતિ સહિત ભારતની કૃષિ પ્રગતિ દર્શાવવાનો છે. આ કોન્ફરન્સમાં લગભગ ૭૫ દેશોમાંથી લગભગ ૧,૦૦૦ પ્રતિનિધિઓ ભાગ લેશે.

# લીમખેડાના પાલ્લી ગામે કન્યા સાક્ષરતા નિવાસી શાળામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ દયનિય સ્થિતીમાં અભ્યાસ માટે મજબુર

દાહોદ,

દાહોદ જીલ્લાના લીમખેડા તાલુકાના પાલ્લી ખાતે આવેલી કન્યા સાક્ષરતા નિવાસી શાળા, નીનામાનીવાવમાં અભ્યાસ કરતી આદિવાસી સમાજની વિદ્યાર્થીનીઓ દયનીય પરિસ્થિતિમાં અભ્યાસ કરવા મજબુર બની છે. શાળામાં વિદ્યાર્થીઓને અસુવિધા પુર્વકનું જમવાનું, પીવાનું અશુધ્ધ પાણી તેમજ વિદ્યાર્થીઓને શાળાની સાફ સફાઈ સહિત શાળાની અન્ય કામગીરી કરાવવામાં આવતી હોવાની શાળાની વિદ્યાર્થીઓની ફરિયાદોને પગલે ચકચાર સાથે ખળભળાટ મચી જવા પામ્યો છે. આ ઉપરાંત વિદ્યાર્થીઓને સરકાર દ્વારા આપવામાં આવતી સ્કોલર્શીપ પણ આચાર્ય ડરાવી, ધમકાવી પડાવી લેતાં હોવાના આક્ષેપો ખુદ શાળાની વિદ્યાર્થીઓ કરી રહી છે ત્યારે સમગ્ર મામલે દાહોદ જીલ્લા શિક્ષણાધિકારી સહિત સંબંધિત તંત્ર દ્વારા આ ગલ્સ લીટ્રેસી રેસીડેન્સીયલ સ્કુલની ઓચિંતી તપાસ હાથ ધરે તો અનેક સઘળી હકીકતો બહાર આવવાની પુરેપુરી શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે. શાળાના આચાર્ય તેમજ હોસ્ટેલની વોર્ડને રજૂઆત કરવામાં આવે છે તો વિદ્યાર્થીનીઓને ડરાવવા ધમકાવવામાં આવતી હોવાની હકીકતો સામે આવતા વિદ્યાર્થીનીઓને મળતી સુવિધાઓ સામે અને સવાલો ઉઠવા પામ્યા છે.

કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા આદિવાસી વિસ્તારની ગરીબ પરિવારની વિદ્યાર્થીનીઓને ઉચ્ચ અને ગુણવત્તા યુક્ત શિક્ષણ મળી રહે તે માટે કન્યા સાક્ષરતા નિવાસી શાળા, શરૂ કરવામાં આવી છે, ત્યારે આવી જ એક સ્કુલ લીમખેડા તાલુકાના પાલ્લી ખાતે આવેલી છે. આ કન્યા સાક્ષરતા નિવાસી શાળા, નિનામાનીવાવમાં અભ્યાસ કરતી આદિવાસી સમાજની વિદ્યાર્થીનીઓને સરકાર તરફથી પુરતી સુવિધાઓ મળી રહે તે માટે દર વર્ષે કરોડો રૂપીયાની ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવતી હોય છે પરંતુ સરકાર તરફથી મળતી ગ્રાન્ટમાં શાળાના આચાર્ય અને તંત્રના અધિકારીઓની મીલીભગતથી બારોબાર ખોટા બીલો મુકીને ઉપાડીને ચાઉ કરી જતા હોય તેમ લાગી રહ્યુ છે.

કન્યા સાક્ષરતા નિવાસી શાળામાં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓને સરકાર દ્વારા દર વર્ષે ૩૦૦૦ હજાર રૂપીયા તેઓના ખાતામા જમા કરવામાં આવતા હોય છે, જે પૈસા પણ શાળાના આચાર્ય દ્વારા વિદ્યાર્થીઓ પાસે બળજબરીથી ઉપાડીને લઈ લેવામાં આવે છે સાથે વિદ્યાર્થીઓને આપવામાં આવતા ભોજનમાં પણ ગેરરીતી આચરવામાં આવી રહી છે. સડેલા શાકભાજી અને સડેલા ફળોનો વિદ્યાર્થીનીઓને આપવામાં આવે છે, જેના કારણે વિદ્યાર્થીનીઓ વારંવાર બિમાર પડે છે, અને બિમાર વિદ્યાર્થીનીઓની સારવાર પણ કરાવવામાીં આવતી નથી, સાથે પુરતા પુસ્તકો, પેન પેન્સીલ, દફતર, પાણી ની બોટલ, ડ્રેસ, સાબુ, સેમ્પુ સહીતની વસ્તુઓ પણ વિદ્યાર્થીનીઓને આપવામાં આવતી નથી. વિદ્યાર્થીનીઓને હોસ્ટેલમાં પલંગ, ગાદલા, ચાદરો પણ વર્ષો જુની અને ગંદી હોવા છતા બદલવામાં આવતી નથી, દુર્ગંધ મારતા ગાદલાઓ અને ચાદર ઓઢીને વિદ્યાર્થીનીઓ સુવા માટે મજબુર બની છે. હોલ્ટેલમાં વિદ્યાર્થીઓને સાફ–સફાઈ કરવા માટે ઓરડન દ્વારા મજબૂત કરવામાં આવે છે, સાથે ભોજન કર્યા બાદ રસોડામાં પીવાના પાણીની પણ પૂરતી સુવિધા નથી. જેને લઈને વિદ્યાર્થીનીઓ અનેક વાર રજૂઆત કરી તેમ છતાં પણ આ બાબતે શાળાના આચાર્ય દ્વારા કોઈપણ પ્રકારની નક્કર કામગીરી કરવામાં આવતી નથી, ત્યારે આચાર્યની કામગીરી સામે પણ અનેક સવાલો ઉઠ્યાં છે. ત્યારે હવે આ આદિવાસી સમાજની ગરીબ વિદ્યાર્થીનીઓની દયનીય હાલત બાબતે રાજ્ય સરકાર દ્વારા ઉચ્ચ અધિકારીની તપાસ કમિટી બનાવીને તપાસ કરવામાં આવે તો લાંબા સમયથી ચાલતા ભ્રષ્ટાચાર મામલે મોટા ખુલાસા થાય તેમ છે, ત્યારે હવે તંત્ર દ્વારા વર્ષોથી ચાલતા ભ્રષ્ટાચાર મામલે શું કાર્યવાહી કરે છે ? તે જોવાનું રહેશે.

લીમખેડામાં ચાલતી કન્યા સાક્ષરતા નિવાસી શાળાની દાહોદ જીલ્લા આમ આદમી પાર્ટીના પ્રમુખ રાકેશ બારીયાએ મુલાકાત લેતા સ્કૂલમાં ચાલતી અનેક પ્રકારની લાલિયા વાડી સામે આવી હતી જેને લઈને આમ આદમી પાર્ટીના પ્રમુખ રાકેશ બારીયાએ પોતાની પ્રતિક્રિયામાં જણાવ્યું હતું કે સરકારે આદિવાસી સમાજને વિદ્યાર્થીનીઓને અભ્યાસ માટે કરોડો રૂપિયાની ફાળવણી કરવામાં આવે છે, પરંતુ સ્થાનિક આચાર્ય અને વહીવટી તંત્રના મેળાપણા હેઠળ વિદ્યાર્થીનીઓ માટે આવતી ગ્રાન્ટમાં કટકી કરીને પૂરતી વ્યવસ્થાને સાધન સામગ્રી પૂરી પાડવામાં આવતી નથી, કન્યા સાક્ષરતા નિવાસી શાળામાં ચાલતા ભ્રષ્ટાચારને જળ મૂળ માંથી નાબૂદ કરવા માટે આગામી સમયમાં આંદોલન કરશે તેમ જણાવ્યું હતું.

અમોને અમારા વાલીઓએ શાળામાં ભણાવવા માટે મોકલ્યાં છે. પરંતુ અમારી આ શાળામાં આચાર્ય તેમજ વોર્ડન દ્વારા શાળા તેમજ હોસ્ટેલનું તમામ કામકાજ કરાવવામાં આવે છે. કચરો, કઢાવવામાં આવે, સાફસફાઈ કરાવવામાં આવે છે, વાસણો પણ પોતે ધોવા પડે છે. વિગેરે જેવી અનેક કામગીરીઓ અમોને ધાકધમકીઓ આપી કરાવવામાં આવે છે સાથે સાથે હોસ્ટેલમાં પીવાનું ચોખ્ખુ પાણી પણ મળતું નથી. રસોડામાં અસહ્ય ગંદકી હોવાથી ખાવામાં પણ જીવાતો અવાર નવાર આવે છે. આવું ભોજન જમવાને કારણે ઘણી વાર અમારી સાથેની વિદ્યાર્થીઓને ઝાડા,ઉલ્ટી જેવી બિમારીઓનો પણ સામાને કરવો પડે છે, જ્યારે અમો બિમાર પડીએ છીએ. ત્યારે અમોને હોસ્પિટલ લઈ જવા માટેની પણ સુવિધા નથી. આ મામલે અમો આચાર્ય તેમજ વોર્ડનને જાણ કરીએ છીએ તો તેઓ દ્વારા અમોને જેમ તેમ જવાબ આપે છે અને કહે છે કે, જે મલે તે ખાઈ લેવું અને પી લેવું. અમારી શાળામાં અન્ય શાળાઓ જેવી કોઈ સુવિધા નથી. શાળામાં અમારી સાથે આચાર્ય તેમજ વોર્ડન દ્વારા ગેરવર્તુળ પણ અનેકવાર કરવામાં આવે છે. અમારે સુવા માટે ગાદલા તેમજ પથારી પણ સુવ્યવસ્થિ ન હોવાથી અમારે ગંદા ગાદલા તેમજ પથારી પર સુવુ પડે છે.

> અમોને ૩ હજાર રૂપીયા સરકાર તરફથી સ્કોલશીપ મળે છે, પરંતુ તે સ્કોલર્શીપ પણ તેમની પાસેથી આચાર્ય દ્વારા પરત બળજબરી થઈ લઈ લેવામાં આવે છે. છેલ્લા બે વર્ષથી અમોને સ્કોલર્શીપ પણ મળતી નથી. માત્ર એકજ વાર સ્કુલ બેગ તેમજ યુનિફોર્મ મળ્યો હતો. ત્યાર પછી અમોને કોઈપણ સ્કુલ બેગ તેમજ યુનિફોર્મ આપવામાં આવ્યો નથી. અમોને શાળા લક્ષી સામગ્રી પણ પુરી પાડવામાં આવતી નથી. એકજ યુનિફોર્મથી અમો દરરોજ ભણવા મજબુર બની રહ્યા છે. અમા વિદ્યાર્થીનીઓ બિમાર પડીએ ત્યારે હોસ્પિટલ જવા માટેની પણ કોઈ સુવિધા પુરી પાડવામાં આવતી નથી. જમવાનું પણ બરાબર આપવામાં આવતું નથી. હોસ્ટેલમાં અવાર નવાર સાંપો પણ આવતા હોય છે. દરવાજા, બારી, બારણા પણ ખરાબ હાલતમાં થઈ ગયા છે. અમારા દ્વારા અવાર નવાર આ મામલે આચાર્યને રજુઆત કરવા છતાંય આજદિન સુધી કોઈ આ મામલે કોઈ કામગીરી કરવામાં આવી નથી. અમો જીવના જોખમે અભ્યાસ કરવા મજબુર બની રહ્યાં છે.
>
> **હર્ષદીબેન નિસરતા, વિદ્યાર્થીની, ધોરણ ૮..**

## રોજનું એક વોટર કલર પેઈન્ટિંગ બનાવવાની સિધ્ધિથી પ્રસિધ્ધ મહીસાગરના આર્ટિસ્ટ બિપીન પટેલે ત્રણ હજાર દિવસમાં ત્રણ હજાર પેઈન્ટિંગ કર્યા પૂર્ણ



દાહોદ,

ગુજરાતના જાણીતા ચિત્રકાર બિપિન પટેલે તારીખ ૧૭/૫/૨૦૧૬થી રોજનું એક પેઈન્ટિંગ બનાવની યાત્રા શરૂ કરી હતી. આજના દિવસે તેમણે ૩૦૦૦ દિવસમાં ૩૦૦૦ પેઈન્ટિંગ પૂરા કર્યાઅને ઈતિહાસ રચ્યો છે. કલા માટે નોકરીને છોડીને નક્કી કર્યું જીવશ તો કલા માટે જ કહેવાય છે અને અડગ મનના માનવીને હિમાલય પણ નડતો નથી. ગુજરાતના મહીસાગર જીલ્લાનાં છાયણ ગામના વતનની અને માટીના માનવી ચિત્રકાર બિપિન પટેલની કલા સફર વિશેની વાત કરીએ તો તેમણે અનેક એવોર્ડ અને પોતાના નામે ૩ રેકોર્ડ તેમજ ૫ વાર યુનેસ્કો એવોર્ડ પણ મેળવ્યા છે. જેમાં ૧૫૦૦ દિવસમાં ૧૫૦૦ પેઈન્ટિંગ પૂર્ણ કર્યા ત્યારે વર્લ્ડ રેકોર્ડ ઈન્ડિયામાં સ્થાન મળ્યું હતું. તેમને ૨૩૦૦ દિવસમાં ૨૩૦૦ પેઈન્ટિંગ પૂર્ણ થયા ત્યારે worlds greatest record પણ પોતાના નામે કરી ચૂક્યા છે. તાજેતરમાં અતુલ્ય વારસો આઈડિન્ટિટી એવોર્ડ ગાંધીનગર ખાતે મળ્યો છે. તેમજ લલિતકલા અકાદમી દ્વારા સ્વ.રસિકલાલ પરીખ એવોર્ડ પણ અમદાવાદ ખાતે મળ્યો છે.

આર્ટિસ્ટ બિપીન પટેલે, દિલ્હી, મુંબઈ, ઈન્દોર, અમદાવાદ તેમજ મહીસાગર જેવા અંતરિયાળ જગ્યાએ આર્ટ વર્કશોપ પણ કર્યા છે. તેમનું વોટર કલર પેઈન્ટિંગ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કાર્યાલયમાં શોભા વધારી રહ્યું છે.

કોરોનાનાં કપરા કાળમાં પણ આ ચિત્રકારે ઓનલાઈન ક્લાસ કરીને દેશ વિદેશથી કલાના જીજ્ઞાશુઓને કલા જ્ઞાન આપ્યું છે. જેમાં મોટા મોટા IAS,IPS ડોક્ટર , જજ તેમજ સાયન્ટિસ્ટ જેવા ઉચ્ચકક્ષાના મહાનુભાવોને ચિત્રકલા શીખવ્યું છે. અવિરત શીખવાડવાનું ચાલે છે. તેમના પેઈન્ટીંગની વિદેશમાં માંગ છે.

## દાહોદ ખાતે મહિલા માટે જીલ્લાકક્ષાનો રોજગાર ભરતી મેળો અને સ્વરોજગાર માર્ગદર્શન અને અનુબંધમ નામ નોંધણી કેમ્પ યોજાશે

દાહોદ,

જીલ્લા રોજગાર કચેરી, દાહોદ અને મહિલા અને બાળ વિકાસ કચેરીના સંયુકત ઉપક્રમે ૧૮ થી ૩૫ વર્ષના અને ધો ૮ પાસ, ધો ૧૦ પાસ, આઈ.ટી.આઈ., ૧૨ પાસ, ડીપ્લોમાં, ગ્રેજ્યુએટતેમજ સીવણ વર્ક, કોપા જેવી લાયકાત ધરાવતી મહિલા ઉમેદવારો માટે તા.૦૩–૦૮–૨૦૨૪ નારોજ સવારે ૯.૩૦વાગે કૃષ્ણ પ્રણામી સમાજવાડી, પંકજ સોસાયટી, ચાકલીયા રોડ, દાહોદ ખાતે માત્ર મહિલા ઉમેદવારો માટે જીલ્લા કક્ષાનો રોજગાર ભરતી મેળો યોજવામાંઆવશે.

આ ભરતીમેળામાં દાહોદ, ગોધરા અને વડોદરા, અમદાવાદના નોકરીદાતાઓ દ્વારા ઓફીસ આસીસ્ટન્ટ, ટ્રેની કેન્દ્ર મેનેજર, મશીન ઓપરેટર, કોમ્પ્યુટર ઓપરેટર જેવી ૨૨૦ જેટલી ટેકનીકલ અને નોન ટેકનીકલ જગ્યા માટે ઈન્ટરવ્યુ લેવામાં આવશે. રોજગાર ભરતી મેળામાં મહિલા ઉમેદવારોને સ્વરોજગાર લોન સહાય તેમજ વોકેશનલ તાલીમ કોર્ષ અંગે માર્ગદર્શન પણઆપવામા આવશે. તેમજ રોજગારલક્ષી ઓનલાઈન અનુબંધમ પોર્ટલ પર નામ નોંધણી કેમ્પ યોજવામા આવશે. આ ભરતી મેળામાં ૩ બાયોડેટા સાથે સ્વખર્ચે હાજર રહેવા રોજગાર અધિકારી દાહોદની યાદીમાં જણાવેલ છે.

## ભુતવડ પ્રા.શાળા વજેલાવ ખાતે બાળ મેળો યોજાયો



ગરબાડા,

ગરબાડા તાલુકાની વજેલાવ ગામની ભૂતવડ પ્રાથમિક શાળા ખાતે પ્રાથમિક કક્ષાનો ધોરણ ૧ થી ૫ નો બાળમેળો યોજવામાં આવ્યો. જેમાં બાળવાર્તા, માટીકામ, છાપકામ, કાતરકામ, ચીટકામ, ચિત્રકામ, ગડીકામ, રંગપૂરણી કાગળ કામ, બાળ રમતો, એક મિનિટ પઝલ્સ, હાસ્ય દરબાર, ગીત સંગીત, અભિનય, ગણિત ગમ્મત, વેસ્ટ માંથી બેસ્ટ, વેશભૂષા જેવી પ્રવૃત્તિ કરવામાં આવી હતી. શાળાના નવા બનેલ આચાર્ય જગદીશ કુમાર ડામોરની દેખરેખ હેઠળ અને જૂના આચાર્ય કિરણસિંહ ચાવડાના માર્ગદર્શન હેઠળ શાળાના શિક્ષકો વર્ષા પટેલ, નીતા દરજી, દીપક દરજીના સહયોગથી બાળ મેળો યોજવામાં આવ્યો હતો.

## દાહોદના બોરચાણીમાં જમીન ખેડવા માટે ઝગડામાં ચાર ઈસમો મારક હથિયાર વડે હુમલો પાંચ વ્યકિતને ઈજાઓ પહોંચાડી

દાહોદ,

દાહોદ તાલુકાના બોરવાણી ગામે જમીનમાં ખેડાણ કરવા મામલે થયેલ ઝધડા તકરારમાં ચાર જેટલા ઈસમોએ એકસંપ થઈ ગેરકાયદેસર મંડળી બનાવી પોતાની સાથે તલવાર, લોખંડના સળીયા વિગેરે જેવા મારક હથિયારો લઈ ધરી આવી પાંચ વ્યક્તિઓને તલવાર, લોખંડના સળીયા વડે તેમજ ગડદાપાટ્ટુનો માર મારી શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી ભારે ધિંગાણું મચાવતાં પોલીસમાં ફરિયાદ નોંધાંયાંનું જાણવા મળે છે.

ગત તા.૩મી જુલાઈના રોજ દાહોદના બોરવાણી ગામે સંગાડા ફળિયામાં રહેતાં લાલુભાઈ ઉર્ફે લાલસીંગભાઈ મલાભાઈ સંગાડા તથા તેમના પરિવારજનો તેમમી જમીનમાં ખેતરમાં ગામમાં રહેતાં કમલેશભાઈ ધીરજીભાઈ પલાસ, રવિભાઈ કમલેશભાઈ પલાસ, હુમલાભાઈ ધીરજીભાઈ પલાસ, દિલીપભાઈ ધીરજીભાઈ પલાસનાઓ ખેડાણ કરી નાખેલ હોઈ જે બાબતે પુછવા જતાં આ ચારેય ઈસમોએ ગેરકાયદેસર મંડળી બનાવી પોતાના હાથમાં તલવાર, લોખંડની પાઈપ વિગેરે જેવા મારક હથિયારો સાથે ધસી આવી લાલુભાઈ ઉર્ફે લાલસીંગભાઈ, હસુભાઈ, નરેશભાઈ, વરસીંગભાઈ તથા મુકેશભાઈને તલવાર વડે તેમજ લોખંડની પાઈપ વડે તેમજ ગડદાપાટ્ટુનો માર મારી શરીરે, હાથે પગે માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચાડી મારી નાંખવાની ધમકીઓ આપી નાસી જતાં આ સંબંધે ઈજાગ્રસ્ત લાલુભાઈ ઉર્ફે લાલસીંગભાઈ મલાભાઈ સંગાડાએ દાહોદ તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## તારીખ ૫ મી સોમવાર તેમજ તારીખ ૬ મંગલવારના રોજ દ્રષ્ટિ નેત્રાલય દાહોદ ખાતે મફત મેધા નેત્ર ચિકિત્સા ઓપરેશન કેમ્પનો આયોજન

દાહોદ,

દ્રષ્ટિ નેત્રાલય આંખની હોસ્પિટલ દાહોદ દ્વારા તારીખ ૦૫/૦૮/૨૦૨૪ સોમવાર તેમજ તારીખ ૦૬/૦૮/૨૦૨૪ મંગલવારના રોજ સવારના ૮ વાગ્યાથી બપોરના ૧:૦૦ વાગ્યા સુધી દ્રષ્ટિ નેત્રાલય આંખની હોસ્પિટલ ચાકલીયા રોડ દાહોદ જીઆઈડીસી પાસે મોતિયાના મફત તપાસ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ નેત્ર યજ્ઞ દાહોદ શહેર અને આસપાસના ગામોના ગરીબ અને જરૂરિયાતવાળા લોકો લાભ લે તે માટે અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. આ નિદાન કેમ્પમાં મોતિયા, ઝામર, ત્રાંસી આંખ, પડદા, પરવાળા બાળ મોતીયા તમામ આંખની તકલીફ વાળા દર્દીઓની તપાસ કરી દ્રષ્ટિ નેત્રાલય ખાતે ઓપરેશન વાળા દર્દીઓ માટે જમવાનું રહેવાનું તેમજ નેત્રમણી સાથે અત્યંત આધુનિક અને અધતન સગવડો થી સુસજજ દ્રષ્ટિ નેત્રાલય ખાતે મફત ઓપરેશન કરવામાં આવશે. તપાસ કરાવવા આવનાર દર્દીઓએ રાશનકાર્ડ તેમજ આધાર કાર્ડ ની ઝેરોક્ષ સાથે એક સગાને લાવવો ફરજીયાત છે. દ્રષ્ટિ નેત્રાલય દાહોદના પ્રબંધક ડાયરેકટર ડોકટર શ્રેયાબેન મેહુલભાઈ શાહ દ્વારા આ અંધાપા નિવારણમાં સ્વયં લોકો લાભ લે તેમજ છેવાડાનો માણસ અંધ ના રહી જાય તે માટે કાયમી આંખના નિદાન ઓપરેશનની સગવડ નો જનતાએ લાભ લેવા જણાવાયું છે.

## દે.બારીયાના ઝાબ ગામે પશુ ચરાવવા ગયેલ વ્યકિત ઉપર રીંછના હુમલામાં ગંભીર ઈજાઓ : સારવાર માટે ગોધરા ખસેડાયો



દાહોદ,

દાહોદ જીલ્લાના દેવગઢ બારીઆ તાલુકાના ઝાબ ગામે પુનઃ રીછના હુમલાને પગલે ગ્રામજનોમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે. ઝાબ ગામે એક આધેડ જંગલમાં પશુઓ ચરાવવા માટે ગયાં હતાં. ત્યારે રીંછના અચાનક હુમલાને પગલે રીછે આધેડને મોઢાના ભાગે તેમજ છાતીના ભાગે બચકા ભરી ગંભીર ઈજાઓ પહોંચાડતાં ગંભીર ઈજાગ્રસ્ત આધેડને ગોધરાની હોસ્પિટલ ખાતે સારવાર માટે લઈ જવામાં આવ્યાં હોવાનું જાણવા મળે છે.

દેવગઢ બારીઆ તાલુકામાં વન્ય વિસ્તારમાં તેમજ રહેણાંક વિસ્તારોમાં જંગલી પશુઓના આતંકથી વિસ્તારમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે. અવાર નવાર આવા વિસ્તારોમાં દિપડાના આતંક, રીંછના આતંકને પગલે લોકોના જીવ તાળવે ચોંટી ગયાં છે. ભુતકાળમાં દિપડા તેમજ રીંછના હુમલાને પગલે ઘણા લોકો ઈજાગ્રસ્ત થયાં છે અને કેટલાંક લોકોએ તો પોતાનો જીવ પણ ગુમાવી બેઠા છે. ત્યારે પુનઃ એકવાર રીંછના હુમલાને પગલે દેવગઢ બારીઆના ઝાબ ગામે ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે. ગતરોજ ઝાબ ગામે રહેતાં કોળી બાબુભાઈ રામસિંગભાઈ ગામમાં આવેલ નજીકના જંગલમાં પશુઓ ચરાવવા ગયાં હતા. ત્યારે અચાનક એક રીંછે બાબુભાઈ ઉપર હુમલો કરી બાબુભાઈના મોઢાના ભાગે તેમજ છાતીના ભાગે રીંછે બચકા ભરતાં બાબુભાઈએ બુમાબુમ કરી મુકતાં પરિવારજનો તેમજ આસપાસના લોકો દોડી આવ્યાં હતાં. આસપાસના લોકો દોડી આવતાં રીંછ જંગલ વિસ્તાર તરફ ચાલ્યો ગયો હતો. ગંભીર ઈજાગ્રસ્ત બાબુભાઈને તાત્કાલિક નજીકના દવાખાને સારવાર માટે લઈ જવામાં આવ્યાં હતાં. પરંતુ બાબુભાઈની ગંભીર ઈજાઓને ધ્યાન રાખી તેમજ તેમની હાલત વધુ ગંભીર બનતા તેઓને તાત્કાલિક ગોધરાની હોસ્પિટલ ખાતે સારવાર માટે લઈ જવામાં આવ્યાં હતાં. રીંછના હુમલાને પગલે ગ્રામજનોમાં ફફડાટ સાથે ચકચાર મચી જવા પામી હતી. ત્યારે આ અંગેની જાણ સ્થાનીક વન વિભાગના અધિકારીઓને કરવામાં આવતાં વન વિભાગના અધિકારીઓ સ્થળ પર પહોંચી ગયાં હતા. જયાં રીંછને પાંજરે પુરવા માટે પાંજરાઓ પણ મુકવામાં આવ્યાં હોવાનું જાણવા મળે છે.

## પ્રાકૃતિક ખેતી વિશે ઊંડાણ પૂર્વક સમજ આપતા પ્રગતિશીલ ખેડૂત



દાહોદ,

દાહોદ જીલ્લાના સીંગવડ તાલુકાના માતાના પાલ્લા ગામના ખેડૂત પટેલ રાજુભાઈ પોતે તો પ્રાકૃતિક ખેતી અપનાવી રહ્યા છે, પરંતુ સાથોસાથ અન્ય ખેડૂતોને પણ પ્રાકૃતિક ખેતી અપનાવી કુદરતી ખેતીના લાભ લેવા પ્રોત્સાહન આપી રહ્યા છે.પ્રગતિશીલ ખેડૂત રાજુભાઈ પટેલ સમયાંતરે પ્રાકૃતિક ખેતીને ધ્યાને રાખી તાલીમ યોજીને અન્ય ખેડૂતોને બીજામૃત, બીજની સારવાર અને માવજત કઈ રીતે કરવી તેમજ તેનાથી થતા ફાયદાઓ વિશે સમજણ આપી રહ્યા છે.તેમનું કહેવું હતું કે, બીજની માવજતથી અંકુરણ વધુ સારી રીતે થાય છે અને બીજ અને જમીન જન્ય રોગોને અટકાવે છે. પરિણામે સ્વસ્થ અને ઉચ્ચ ગુણવતાયુક્ત ઉપજ પાકે છે. તે અંકુરિત થતા બીજ અને રોપાઓને જીવાતો અને રોગો સામે રક્ષણ આપે છે. જે ઓછી ભેજવાળી અને પ્રતિકૂળ પરિસ્થિતિઓમાં પાકને પોષણ અને ભેજ આપવાનું કામ કરી ટકાવી રાખે છે.વધુમાં બીજામૃતનો ઉપયોગ પ્રાકૃતિક ખેતી પદ્ધતિમાં કઈ રીતે કરવો એ વિશે પ્રેક્ટિકલ સાથે ખેડૂતોને જાણકારી આપીને તમામ ખેડૂતોને પ્રાકૃતિક ખેતીની સરળતા અને સફળતાની વાત કરી હતી.બીજામૃતથી બીજને પટ આપવો ખૂબ જ જરૂરી છે. પ્રાકૃતિક ખેતીમાં બીજામૃતનો ઉપયોગ થાય છે અને શ્રેષ્ઠ પરિણામો મેળવી શકાય છે. પ્રાકૃતિક ખેતી અપનાવવાથી પોતાને જે કઈ ફાયદા થયા તે અન્ય ખેડૂતોને પણ મળે, ખેડૂતો જાગૃત થઈ કુદરતી ખેતી તરફ વળે તે માટે તેઓ પોતાનો સમય એ લોકો માટે ફાળવી પોતાનો અનુભવ પણ રજૂ કરી રહ્યા છે.

## પ્રધાનમંત્રી આવાસ યોજના થકી ચંપાબેનના પરિવારને અનેક મુશ્કેલીઓમાંથી મળ્યો છુટકારો

દાહોદ,

દાહોદ જીલ્લામાં સરકાર દ્વારા ગરીબ આદિવાસી પરિવારો માટે અમલમાં મુકવામાં આવેલ પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) હેઠળ દાહોદ જીલ્લાના ચોસાલા ગામના લાભાન્વિત થનારા ગરીબ પરિવારના ચહેરા ઉપર પોતાના ઘરના ઘરનું સ્વપન સાકાર થવાનો સંતોષ અને ચહેરા પર સ્મિત જણાતું હતું અને આંખોમાં સરકાર પ્રત્યે અહોભાવ..!વાત કરીએ અહી દાહોદ શહેરથી થોડે દુર આવેલા ચોસાલા ગામના રહેવાસી એવા ચંપાબેનની. તેઓ પોતાના કહી શકાય એવા ઘર તરફ નજર કરી હાશકારો અનુભવતાની સાથોસાથ પાક્કું ઘર મળ્યાની ખુશી વ્યક્ત કરી ઘરનું સપનું સાકાર થતા ભાવુક થઈ ગયા હતા. આ પરિવારે પોતાની આપવીતી વર્ણવતા જણાવ્યું હતું કે, અમે પહેલા ટાટડા વાળા ને માટીના કાચા ઝુપડામાં રહેતા હતા. પહેલાની અમારી હાલત કહી શકાય એવી નથી. અમે છૂટક મજુરી કરીને રોજનું કમાઈ રોજ ખાઈએ છીએ. થોડી જમીન છે એમાં જે થાય એ ખેતી કરીને ગુજરાન કરતા હતા. પાકું મકાન બનાવવાની કોઈ સ્થિતિમાં નહોતા.એ ઘરમાં રોજ કઈ ને કઈ તકલીફ પડતી હતી, એમના પરિવાર માટે રોજ નવા દિવસની સાથે નવી મુશ્કેલીઓ એ રોજીંદી થઈ ગઈ હતી, એક જ રૂમ કહી શકાય એવા નાનકડા ઝુપડામાં તેમના ચાર દીકરાઓ, દીકરા–વહુ તેમજ એક દીકરી જોડે એમ પરિવારના સાત જેટલા સભ્યો રહેતા હતા. નાનકડા રૂમમાં આટલા બધા સભ્યોનું રહેવું સરળ નહોતું પરંતુ હાલત જ એવી હતી કે, અમે ના તો બીજો રૂમ બનાવી શકતા હતા કે ના તો પોતાનું ઘર. અમારી વર્ષો જૂની આ પીડા સરકારે દુર કરી છે. સરકારે સહાય કરતા હવે આવા સરસ મકાનમાં રહેવાની અમારી ઈચ્છા પૂર્ણ થઈ છે. પહેલા તો બીજાના ઘરો જોઈને થતું કે, અમારૂં આવું ઘર બનશે કે કેમ ને જો બનશે તો ક્યારે આવું ઘર બનશે..! સરકાર અમારા જેવાઓની બેલી બની સહારે આવી, નહિતર અમે નો'તું વિચાર્યું કે આવા પાકા મકાનમાં રહેવા મળશે. પહેલાં વરસાદના સમયે અમારા ઘરમાંથી પાણી આખા ઘરમાં વહેતું અને ઉપરથી ટપકતું હતું. મોટાભાગે બેન, વહુ, દીકરીઓને પણ ઘણી મુશ્કેલી પડતી હતી. ન્હાવા – ધોવા, સુવાથી લઈને ઘણીએ તકલીફ પડતી હતી, ઉપરથી આજની મોંઘવારીમાં અમારા જેવાઓ માટે ઘર બનાવવું ઘણું અઘરૂં હતું, પરંતુ હવે સરકારે આર્થિક મદદ કરી એ પછી દરેક બાબતે અમને શાંતિ થઈ ગઈ છે. હા, તેમના મકાનનું નાનું મોટુંકામ હજી બાકી છે, પરંતુ તેમના પરિવારના માથે જે છત મળી છે જેના કારણે તેઓ દરેક ઋતુ દરમ્યાન થતી અનેકો પ્રકારની હાલાકીથી પરેશાન થતા હતા, જેનાથી હવે અમને ઘણીચે રાહત મળી છે, એમ કહેતા ચંપાબેનના ચહેરા પર જાણે ચમક આવી ગઈ હતી.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 27, No.292

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

# શહેરા તાલુકાના સરાડીયા નિશાળ ફળિયામાં સામાન્ય બાબતે યુવાનને લાઈટના થાંભલે બાંધીને માર મારતા મોત નીપજ્યુ



પોલીસ મથક ખાતે મુર્તક ની ભાભી પુનીબેન અરવિંદ પગીએ ફરિયાદ નોંધાવતા પોલીસે સરાડીયા ગામના આરત ભાઈ તીતા ભાઈ પગી, કિરણભાઈ આરત પગી, નિલેશ કિરણભાઈ, સુરેશ રમણ પગી, તેમજ ચલાલી ગામના વિક્રમભાઈ હિમ્મત ભાઈ બારીયા, ફૂલાભાઈ વાલમભાઈ બારીયા અને પોપટ વાલમ ભાઈ બારીયા સામે નવા કાયદા મુજબ ૧૦૩(૧), ૧૨૭ (૨) સહિત વિવિધ કલમો હેઠળ ગુનો નોંધીને વધુ તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા.

સરાડીયા નિશાળ ફળિયામાં ઝાડની ડાળ કાપવા જેવી સામાન્ય બાબતે ઝઘડો થયા બાદ સાત જેટલા ઇસમોએ ૩૪ વર્ષીય યુવક વિજય પગીને માર મારતા મોત નીપજ્યુ હતુ.જોકે થોડીક ક્ષણોના ગુસ્સાના કારણે પિતા, પુત્ર સહિત અન્ય મળીને સાત જેટલા ઈસમોને જેલના સળિયા ગણવાનો વાળો આવ્યો હોઈ એમ કહીએ તો નવાઈ નહિ.

પોલીસ ઘટના સ્થળ ખાતે પહોચી જઈને વિજય પગીને આરોપીઓના ચુંગલ માંથી છોડાવી દીધો હતો. જોકે આરોપીઓના મારથી વિજય ને શરીરે ગંભીર ઈજાઓ પહોંચવા સાથે બેભાન થઈ ગયેલ હોવાથી તેને ૧૦૮ દ્વારા સારવાર અર્થે ગોધરા લઈ જવામાં આવતા સિવિલ હોસ્પિટલના તબિયત દ્વારા તપાસ કરતા વિજય પગીને મરણ ગયેલ જાહેર કરવામાં આવ્યો હતો

શહેરા

શહેરા તાલુકાના સરાડીયા નિશાળ ફળિયામાં ઝાડની ડાળ કાપવા જેવી નજીવી બાબતે સાત ઈસમોએ ૩૪ વર્ષીય યુવાનને લાઈટના થાંભલે બાંધીને લાકડાંના દંડાઓ તેમજ ગડદા પાટુનો માર મારતા મોત નીપજ્યુ હતુ. પોલીસે આ મામલે મુર્તકની ભાભી ની ફરિયાદના આધારે સાત જેટલા ઇસમો સામે ૧૦૩(૧) સહિતની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધીને વધુ તપાસ હાથધરી હતી

શહેરા તાલુકાના સરાડીયા નિશાળ ફળિયામાં વિજય ઉર્ફે સિંગો વિક્રમ પગી એ લીમડાની ડાળ કાપી નાખતા આરત પગી સાથે ઝઘડો શરૂ થયો હતો. આરત પગી સહિત અન્ય લોકોએ ૩૪ વર્ષીય યુવાન વિજયને ગુસ્સામાં આવીને લાઈટના થાંભલે બાંધીને લાકડાના દંડાઓથી માર મારવાનો શરૂ કરી દેવા સાથે ચલાલી ગામના અન્ય ત્રણ ઈસમો પણ બાઈક પર આવી જઈને યુવાનને માર માર્યો હતો. મુતક વિજયને થાંભલા સાથે બાંધીને પાંચ કરતાં વધુ લોકોએ લાકડી ના દંડા અને ગડદા પાટુનો માર મારતા હોવાની જાણ વિજયની ભાભીને થતા બનાવ સ્થળ ખાતે આવીને દિયર વિજયને છોડવાની કોશિશ કરતા તેને પણ ત્યાંથી કાઢી મૂકી હતી. મુતક ની ભાભી પુનીબેન અરવિંદ પગી એ પોતાના દિયરને આરોપીઓના મારથી બચાવવા માટે અનેક પ્રયત્નો કરવા સાથે પોલીસને જાણ કરવામાં આવતા પોલીસ ઘટના સ્થળ ખાતે પહોચી જઈને વિજયને છોડાવી દીધો હતો. જોકે આરોપીઓના મારથી વિજય ને શરીરે ગંભીર ઇજાઓ પહોંચવા સાથે બેભાન થઈ ગયેલ હોવાથી તેને ૧૦૮ દ્વારા સારવાર અર્થે ગોધરા લઈ જવામાં આવતા સિવિલ હોસ્પિટલના તબિયત દ્વારા તપાસ કરતા વિજય પગીને મરણ ગયેલ જાહેર કરવામાં આવ્યો હતો. પોલીસ મથક ખાતે મુર્તક ની ભાભી પુનીબેન અરવિંદ પગીએ ફરિયાદ નોંધાવતા પોલીસે સરાડીયા ગામના આરત ભાઈ તીતા ભાઈ પગી, કિરણભાઈ આરત પગી, નિલેશ કિરણભાઈ, સુરેશ રમણ પગી, તેમજ ચલાલી ગામના વિક્રમભાઈ હિંમતભાઈ બારીયા, ફૂલાભાઈ વાલમભાઈ બારીયા અને પોપટ વાલમ ભાઈ બારીયા સામે નવા કાયદા મુજબ ૧૦૩(૧), ૧૨૭ (૨) સહિત વિવિધ કલમો હેઠળ ગુનો નોંધીને વધુ તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા. પોલીસ ઈન્સ્પેક્ટર રાહુલ રાજપૂત દ્વારા આ બનેલ ઘટનાને લઈને ઝીણવટ ભરી તપાસ કરવામાં આવા સાથે આરોપીઓને પકડી પાડવાના ચક્રો ગતિમાન કર્યા હતા.જયારે સરાડીયા નિશાળ ફળિયામાં સામાન્ય બાબતે ૩૪ વર્ષીય યુવાનની હત્યા કરવામાં આવતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી જવા પામી હતી.

## હાલોલ ચોકડી વિસ્તારની યુવતિ કોમ્પ્યુટર કલાસ માટે નિકળી કાલોલમાં દશામાંની મૂર્તિ વેચવાના સ્ટોલમાં ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લેતાં અનેક તર્કવિતર્ક વચ્ચે પોલીસે તપાસ હાથ ધરી

કાલોલ,

હાલોલ ચોકડી વિસ્તારમાં રહેતી ૧૯ વર્ષીય યુવતિ હાલોલના ગોધરા રોડ ઉપર આવેલા આલ્માં કોમ્પ્યુટરમાં કોર્સ કરતી હોય ગઈ કાલે બપોરના સમયે ઘરેથી કોમ્પ્યુટર કલાસ જવા નિકળી હતી. છુટીને ઘરે પરત નહિ ફરતાં પરિવારજનોએ શોધખોળ કરી હતી અને આ બાબતે હાલોલ પોલીસ મથકે ફરિયાદ કરી હતી. યુવતિએ કાલોલ મધ્ય ગુજરાત વીજ કંપની સામે દશામાંની મૂર્તિ વેચવા ઉભો કરેલ મંડપમાં લોખંડની એંગલ સાથે ગળે ફાંસો ખાધેલ હાલતમાં મૃતદેહ મળી આવ્યો.

હાલોલના ચોકડી વિસ્તારમાં રહેતી ૧૯ વર્ષીય યુવતિ



જે હાલોલના ગોધરા રોડ ઉપર આલ્મા કોમ્પ્યુટર કલાસીસમાં કોર્સ કરતી હતી. ગઈકાલે ઘરેથી બપોરના ૧૨ વાગ્યે કોમ્પ્યુટર કલાસ માટે નિકળી હતી. કલાસ ત્રણ વાગ્યાના સમયે પુરો થવા બાદ ઘરે પરત ફરી ન હતી. જેને લઈ યુવતિના પરિવારજનોએ યુવતિના મોબાઈલ ફોન ઉપર સંપર્ક કરતાં ફોન ઉપાડયો ન હતો. જેથી શોધખોળ કરવામાં આવી હતી. યુવતિ નહિ મળતા પરિવાર દ્વારા હાલોલ પોલીસ મથકમાં જાણ કરી હતી. કાલોલ વીજ કંપનીની કચેરી સામે દુકાનદાર વેપારીએ પોતાની દુકાન બહાર મંડપ બાંધી દશામાંની મૂર્તિ વેચવા તાડપત્રી બાંધીને સ્ટોલ ઉભો કર્યો હતો. સાંજે તાડપત્રીથી સ્ટોલ બંધ કરી ઘરે જતો રહ્યો હતો. સવારે દુકાન ખોલવા માટે મંડપની તાડપત્રી હટાવતા અંદર યુવતિનો ગળે ફાંસો ખાધેલ હાલતમાં લટકતો મૃતદેહ જોઈ આસપાસના દુકાનના વેપારીઓને જાણ કરતાં મોટી સંખ્યામાં લોકટોળા એકઠા થયા હતા. આ ઘટનાની પોલીસને જાણ કરતાં કાલોલ પોલીસ દોડી આવી હતી. યુવતિએ લોંખડની એંગલ સાથે બાંધીને ગળે ફાંસો લીધો હતો. પોલીસે બેગ અને મોબાઈલની તપાસ કરતાં યુવતિ હાલોલની હોવાનું સામે આવતાં પરિવારજનોને જાણ કરાઈ હતી. યુવતિના મૃતદેહને કાલોલ રેફરલમાં પી.એમ.અર્થે ખસેડવામાં આવ્યો હતો. હાલોલની યુવતિ કાલોલ કેમ આવી અને મોડી રાત્રે આપઘાત માટે દશામાંના સ્ટોલ કેમ પસંદ કર્યો તેવા અનેક પ્રશ્નોની કડી મેળવવા માટે પોલીસે તપાસ આરંભી છે.

## ડેરોલ ગામ હાઈસ્કૂલમાં વૃક્ષા રોપણનો કાર્યક્રમ યોજાયો

ડેરોલ,

ડેરોલ ગામ હાઈસ્કૂલમાં વૃક્ષા રોપણનો કાર્યક્રમ યોજાયો. આર એન્ડ બી સાર્વજનિક હાઈસ્કુલ, ડેરોલ ગામના પ્રિન્સિપાલ અતુલભાઈ પટેલના સ્વ.પિતાજીની જન્મદિવસ તથા સસરાની દ્વિતીય માસિક પુણ્યતિથિ નિમિત્તે તે બંને દિવંગતના સ્મરણાર્થે શાળા પરિસર અને બગીચામાં મોટા પ્રમાણમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં કેળવણી મંડળના પદાધિકારીઓ, સભ્યો, વડીલો ડેરોલ ગામ હાઈસ્કૂલ, સ્ટાફ તથા



વિદ્યાર્થીઓએ સહભાગી બન્યા હતા અને ડેરોલગામ હાઈસ્કૂલમાં વૃક્ષો રોપી વૃક્ષા રોપણનો કાર્યક્રમ યોજયો હતો.

## ગોધરા તાલુકાના મહેલોલ ખાતે ખેતીમાં નેનો યુરિયા અને નેનો ડી.એ.પી.નો ડ્રોન ટેકનોલોજી દ્વારા છંટકાવ અર્થે પ્રત્યક્ષ નિદર્શન-વ-શિબિરનું આયોજન કરાયું



ગોધરા,

સંયુક્ત ખેતી નિયામક (વિ), વડોદરા એમ.એમ.પટેલના અધ્યક્ષ સ્થાને ગોધરા તાલુકાના મહેલોલ ખાતે ખેતીમાં નેનો યુરિયા અને નેનો ડી.એ.પી.નો ડ્રોન ટેક્નોલોજી દ્વારા છંટકાવ અર્થે પ્રત્યક્ષ નિદર્શન–વ–શિબિરનું આયોજન કરાયું હતું.

આ પ્રસંગે ઉપસ્થિત નિયામકએ નેનો યુરિયા, ડી.એ.પી.ની એક લીટરની બોટલ, એક આખી થેલી યુરિયા, ડી.એ.પી ખાતરની ગરજ સારે છે અને તેનાથી ખેતી ખર્ચમાં પણ ઘટાડો થાય છે તે ઉપસ્થિત ખેડૂતોને સમજાવી નેનો યુરિયા અને ડી.એ.પી.ના લાભ અને તેનો ડ્રોન દ્વારા છંટકાવ અંગે માર્ગદર્શન પુરૂં પાડ્યું હતું.

સદર કાર્યક્રમમાં સમિતભાઈ પટેલ, નાયબ ખેતી નિયામક(ઇનપુટ),વડોદરા, એમ.જી.પટેલ, જીલ્લા ખેતીવાડી અધિકારી, જી.પંચા.પંચમહાલ, એમ.કે. ડાભી, મદદનીશ ખેતી નિયામક (મક ાઈ), જી.પંચા.પંચમહાલ ગોધરા ઈફકો કંપનીના આદિલભાઈ તથા તેમની ટીમ અને મહેલોલ ગામ તથા આજુબાજુના ગામના મોટી સંખ્યામાં ખેડુતોએ હાજર રહી ડ્રોનથી છંટકાવનુ પ્રત્યક્ષ નિદર્શન નિહાળ્યુ હતું.

## જીએમઈઆરએસ મેડિકલ કોલેજ, પંચમહાલ ગોધરા દ્વારા આયોજીત સર્વરોગ નિદાન કેમ્પ અંગેનો અહેવાલ



ગોધરા,

કોમ્યુનિટી મેડિસિન વિભાગ, જીએમઈઆરએસ મેડિકલ કોલેજ, પંચમહાલ ગોધરા દ્વારા NMCના ફેમિલી એડોપ્શન કાર્યક્રમ અંતર્ગત બાહી ગામમાં કુમારશાળા ખાતે ૩૦-૦૭-૨૦૨૪ ના રોજ મેડીકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં જીએમઈઆરએસ મેડિકલ કોલેજ અને હોસ્પિટલના ફિઝીશીયન, સર્જન, પીડીયાટ્રીશીયન, ગાયનેકોલોજીસ્ટ, સ્કીન સ્પેશિયાલીસ્ટ અને ડેન્ટલ સર્જન દ્વારા આરોગ્ય લક્ષી સેવાઓ પૂરી પાડવામાં આવી હતી. જેનો ગામના અંદાજે ૧૫૫ લોકોએ લાભ લીધો હતો. આ સાથે લાભાર્થીઓને આરોગ્યલક્ષી માર્ગદર્શન તેમજ જરૂરીયાતમંદ લોકોને દવાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

## ઘોઘંબાના રવેરી ગામે ૬૦ વર્ષીય વ્યકિતને વીજ પોલના તાણીયાથી કરંટ લાગતાં મોત

ઘોઘંબા,

ઘોઘંબા તાલુકાના રવેરી ગામે રહેતા ૬૦ વર્ષીય વ્યકિત પોતાના ખેતરમાં ખેતીકામ કરી રહ્યા હતા. ત્યારે વીજ પોલના તાણીયાથી કરંટ લાગતા ઘટના સ્થળે મોત નિપજાવા પામ્યું.

પ્રાપ્ત વિગતો મુજબ ઘોઘંબા તાલુકાના રવેરી ગામે રહેતા નરવતસિંહ સુકાભાઈ પરમાર ઉ.વ.૬૦ પોતાના ખેતરમાં ખેતીનું કામ કાજ કરતા હતા. ત્યારે ખેતરમાં વીજ પોલ (થાંભલા)ના તાણીયાથી કરંટ લાગવાથી ઘટના સ્થળે મોત નિપજાવા પામ્યું. આ બાબતે રાજગઢ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## નગરપાલિકા કચેરી, હાલોલ ખાતે ગુજરાત સરકારના મંત્રીના હસ્તે વિવિધ કાર્યોનો લોકાર્પણ કાર્યક્રમ યોજાશે

હાલોલ,

તારીખ ૦૩ ઓગસ્ટ ૨૦૨૪ના રોજ સવારે ૧૦ વાગ્યે ગુજરાત સરકારના જળસંપત્તિ અને પાણી પુરવઠા, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રી કુંવરજીભાઈ બાવળીયા નગરપાલિકા કચેરી, હાલોલ ખાતે ઉપસ્થિત રહેશે. મંત્રીના હસ્તે નગરપાલિકા કચેરી, હાલોલ ખાતે નગરપાલિકા વિસ્તારમાં વિવિધ સેવાઓનો લોકાર્પણ કાર્યક્રમ યોજાશે.આ પ્રસંગે જીલ્લાના વિવિધ મહાનુભાવો ઉપસ્થિત રહેશે.

## પંચમહાલ જીલ્લામાં ૭૮મા જીલ્લા કક્ષાના સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી વિધાનસભાના ઉપાધ્યક્ષના અધ્યક્ષ સ્થાને યોજાશે

ગોધરા,

આગામી તા.૧૫ મી ઓગસ્ટ-૨૦૨૪, આઝાદીના ૭૮મા સ્વાતંત્ર્ય રાષ્ટ્રીય પર્વની ઉજવણીના ભાગરૂપે પંચમહાલ જીલ્લાકક્ષાની ઉજવણી ગુજરાત વિધાનસભાના ઉપાદયક્ષ જેઠાભાઈ ભરવાડની વિશેષ ઉપસ્થિતિમાં કમળાનગર, ઘોઘંબા ખાતે યોજાશે.

સ્વાતંત્ર્ય પર્વ ૨૦૨૪ની જીલ્લા કક્ષાની ઉજવણીની પૂર્વ તૈયારીઓને લઈને જીલ્લા કલેકટર આશિષ કુમારના અધ્યક્ષ સ્થાને કલેકટર કચેરી સભાખંડ,ગોધરા ખાતે એક બેઠકનું આયોજન કરાયું હતું. સ્વાતંત્ર્ય દિનના સુચારૂ અને સુવ્યવસ્થિત આયોજન માટે જીલ્લા કલેકટરએ વિવિધ અધિકારીઓને કામગીરીની સોંપણી કરી હતી.આ સમગ્ર કાર્યક્રમના નોડલ અધિકારી તરીકે પ્રાંત અધિકારી હાલોલની નિમણુંક કરવામાં આવી છે.

## કાલોલ કાશીમાબાદ સોસાયટીમાં ગંદા પાણીનો નિકાલ સમાચાર પ્રસિદ્ધ થતા નગરપાલિકા તત્ર દોડતું થયું ગટરો નો ઢાંકણા ખોલી સફાઈ હાથ ધરાઈ

કાલોલ,

કાલોલ કાશીમાબાદ સોસાયટીમાં ગંદા પાણીનો નિકાલ સમાચાર પ્રસિદ્ધ થતા નગરપાલિકા તત્ર દોડતું થયું. ગટરોનો ઢાંકણા ખોલી ગટરોમાં વેક્યુમ દ્વારા ગટરોની સફાઈ હાથ ધરવામાં આવી. કાલોલ નગરપાલિકા વિસ્તારમાં સમાવિષ્ટ વોર્ડ નંબર-૫ આવેલા કાશીમાબાદ સોસાયટીમાં વરસાદના કારણે પાણી જાહેર રોડ ઉપર ભરાતા નદી જેવા દ્રષ્યો સર્જાયા હતા અને પુષ્કળ કાદવ-કીચડ જોવા મળી રહ્યું હતું. આ વિસ્તારના લોકોને પડતી હાલાકી



રજૂઆતના અહેવાલો પંચમહાલ સમાચારપત્રમાં પ્રસિદ્ધ થતા જ કાલોલ નગરપાલિકાના સેનેટરી ઈન્સપેકટર મયુરભાઈ ગોહિલ સહિત તેવોની ટીમ તાત્કાલિક એક્શનમાં આવી ગટરોના ઢાંકના ખોલી ભારે જહેમત ઉઠાવી સતત મેહનત કરી વરસાદના પાણી થી ગટર લાઈનો ચોકઅપને પાલિકાનું યાંત્રિક મશીનરી થી ભુગર્ભ ગટરનું ઢાંકણું ખોલી તમાંમ ગંદુ પાણી અને રોડ રસ્તાઓ ઉપરનો કાદવ-કીચડ સાફ કરી ગંદા પાણીનો નિકાલ કરવામાં આવ્યો હતો. જે પાંચ થી છ દિવસ પહેલા વરસાદી પાણી સાથે ભુગર્ભ ગટરના ગંદા પાણીનાં કારણે ફેલાયેલી ગંદકીને લઇ નગરપાલિકા દ્વારા પાણીનો નિકાલ કરી સાફ-સફાઈ કરતા સ્થાનિક રહીશોને ગંદકીથી રાહત મળતાં જેને લઈ નગરપાલિકાની આ કામગીરીથી સ્થાનિક લોકો એ રાહતનો શ્વાસ લીધો હતો અને વરસાદી પાણીનો નિકાલ થતા સ્થાનિક લોકો ખુશખુશાલ જોવા મળ્યા હતા.

## ગોધરા શહેરની સરકારી કચેરીઓ તેમજ શહેરના અનેક વિસ્તારોમાં ભારે ગંદકીને લઈ મચ્છરજન્ય રોગચાળાનો ભયને જીલ્લા યુથ કોંગ્રેસ દ્વારા મુખ્યમંત્રીને લેખિત રજુઆત

ગોધરા,

ગોધરા શહેરા ખાતે આવેલ વિવિધ સરકારી કચેરી અંદર બહાર અસહ્ય ગંદકીને રોગચાળાનો ભય સતાવી રહ્યો છે. જીલ્લાના મુખ્ય મથકની કચેરીમાં કામ અર્થે આવતાં અરજદારોને ભારે મુશ્કેલીઓ વેઠવી પડતી હોય ત્યારે ઉપયોગી પગલા ભરવા આવે તેવી માંગ પંચમહાલ જીલ્લા યુથ કોંગ્રેસ દ્વારા કરાઈ છે.

પંચમહાલ જીલ્લામાં હાલ ચાંદીપુરા વાયરસને લઈ સાત બાળકોના મોત નિપજાવા પામ્યા છે. આ ગંભીર પરિસ્થિતિ છે. હાલ ચોમાસાની સીઝન છે. જીલ્લાના મુખ્ય મથક ગોધરા ખાતે આવેલ સરકારી કચેરીઓમાં મોટા પ્રમાણમાં અરજદારો આવતા હોય છે. ત્યારે સરકારી કચેરીઓ તેમજ કચેરીની બહાર ભારે ગંદકીને લઇ કર્મચારીઓ તેમજ અરજદારો ત્રાહિમામ પોકારી ઉઠયા છે. સરકારી કચેરી બહાર અને અંદરની સાફ સફાઈ માટે તંત્ર નિષ્ફળ છે. ગંદકીને લઈ મચ્છર, માખીનો ઉપદ્રવ વધી રહ્યો છે. સાથે ગોધરા શહેરના બસ સ્ટેશન સંકુલ, નર્સીંગ કોલેજ, દલુનીવાડી સરકારી શાળા, કેમ્પસની આસપાસનો વિસ્તાર તેમજ પશુ દવાખાના પાસે ગંદકીનું સામ્રાજ્ય જોવા મળી રહ્યું છે. ત્યારે ચોમાસાની સીઝનમાં મચ્છરજન્ય રોગચાળો ન ફેલાય તેને લઈ સાફ-સફાઈની કામગીરી કરવામાં આવે તેવી લેખિત રજુઆત પંચમહાલ જીલ્લા યુથ કોંગ્રેસ દ્વારા રાજ્યના મુખ્યમંત્રીને લેખિત રજુઆત કરાઈ છે.

## ગોધરા ખાતે જીલ્લા કલેકટરના અધ્યક્ષ સ્થાને વિકસિત પંચમહાલ ૨૦૪૭ વિઝન ડોક્યુમેન્ટ વર્કશોપનું આયોજન કરાયું

ગોધરા,

વિકસિત પંચમહાલ૨૦૪૭ વિઝન ડોક્યુમેન્ટની તૈયારીઓને લઈને જીલ્લા કલેકટર આશિષ કુમારના અધ્યક્ષ સ્થાને કલેકટર કચેરી સભાખંડ,ગોધરા ખાતે વર્કશોપનું આયોજન કરાયું હતું.

સદર વર્કશોપ અંતર્ગત પંચમહાલ જીલ્લા આયોજન અધિકારી ડી.એન. પટેલ દ્વારા વિઝન ડોક્યુમેન્ટ ગુજરાત-૨૦૪૭



તથા પંચમહાલ૨૦૪૭ રજૂ કરાયું હતું. જેમાં વિઝન ડોક્યુમેન્ટના ફ્રેમવર્ક ઉપર સેકટર, Micro Goal, Action Plan, Indicators, ગુજરાતના લક્ષ્યાંકો, Thematic Framework, Macro Goal, key Metrics, Gap Analysis બાબતની વિસ્તૃત માહિતી રજૂ કરાઈ હતી.

આ પ્રસંગે જીલ્લા આંકડા અધિકારી પી.વી.હાડા દ્વારા જીલ્લાનું વિઝન ડોક્યુમેન્ટ તૈયાર કરવા માટે માહિતી નિયત ટેમ્પ્લેટ મુજબ લિવિંગ વેલ અને અર્નિગ વેલ થીમને ધ્યાને હાલના પડકારોને પહોચી વળવાની વ્યૂહરચના, વિભાગવાર યોજનાકીય બાબતોનો સમાવેશ કરવા બાબતે માહિતી રજૂ કરાઈ હતી.

સમગ્ર વર્કશોપ અંતર્ગત જીલ્લા કલેકટર દ્વારા ગુજરાત૨૦૪૭ના અહેવાલને ધ્યાને લઈ પંચમહાલ જીલ્લાનો વિઝન ડોક્યુમેન્ટ માત્ર કાગળ પર ન રહે અને ગ્રાઉન્ડ લેવલ રીપોર્ટનો અમલ થાય તે મુજબ સૂચનો કર્યા હતા. આ સાથે તેમણે S.D.G ગોલ, ગુડ ગવર્નરના રેન્કિંગ તથા માનવ વિકાસને લગતા પરિબળોને ધ્યાને લઈ જીલ્લાની સ્ટ્રેન્થ નબળાઈઓનું ક્લાસિફિકેશન કરી રીપોર્ટ તૈયાર કરવા જણાવ્યું હતું.

સદર વર્કશોપમા આરોગ્ય, પોષણ, શિક્ષણ, ખેતીવાડી, પ્રવાસ, શહેરી વિકાસ જેવા મુદ્દાઓ પર જીલ્લાકક્ષાની કચેરીઓ દ્વારા કુલ ૦૮ પ્રેઝન્ટેશન રજૂ કરાયા હતા.આ વર્કશોપમા જીલ્લા વિકાસ અધિકારી ડી.કે.બારીઆ,જીલ્લા આયોજન અધિકારી ડી.એન.પટેલ સહિત વિવિધ વિભાગના અધિકારીઓ જોડાયા હતા.

## એમ.જી.એસ. હાઈસ્કુલ કાલોલ ખાતે બેટી બચાવો,બેટી પઢાવો દિવસની ઉજવણી કરાઈ

ગોધરા,

પંચમહાલ જીલ્લામાં મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા ૧ ઓગષ્ટ થી ૮ ઓગષ્ટ ૨૦૨૪ દરમિયાન ''નારી વંદન ઉત્સવ''ની ઉજવણી કરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે આજરોજ તા. ૦૨ ઓગસ્ટના રોજ બેટી બચાઓ બેટી પઢાઓ થીમ આધારિત કાલોલની એમ.જી.એસ હાઈસ્કુલ ખાતે કાર્યક્રમનું આયોજન કરાયું હતું. આ સાથે મહિલાઓના આરોગ્ય અને પોષણ તથા પીસી એન્ડ પીએનડીટી એક્ટ અંતર્ગત વર્કશોપનું પણ આયોજન કરાયું હતું.કાર્યક્રમ અંતર્ગત મિશન શકિત બેઠક ૧૦૦ દિવસ જાગૃતતા ડ્રાઈવ અંતર્ગત જેન્ડર સેન્સેટાઈઝેશન,બેટી બચાવો, બેટી પઢાવો વિષય પર વર્કશોપ સેમિનાર,દીકરી વધામણા કીટ અને વ્હાલી દીકરી મંજૂરી હુકમનું વિતરણ કરાયું હતું.આ સાથે હાઈજીન કીટ તથા ગુડ ટચ બેડ ટચ અને પોકસો એક્ટ વિષય પર જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો.